દહેગામના પાલૈયા વાસમાં જુથ અથડામણથી તંગદીલી

રબારી અને ઠાકોરો સામસામે આવી જતાં મામલો બિચક્યો : સામ સામે પોલીસ ફરિયાદ : જિલ્લાભરની પોલીસ દહેગામમાં ખડકી દેવાઇ

ગાંધીનગર, તા. ૩૧

દહેગામના પાલૈયા વાસમાં ગઈ સાંજે બે જુથો સામસામે આવી જતા મામલો બિચક્યો હતો. રબારી અને ઠાકોરો સામસામે આવી જતા પંથકમાં ભારે તંગ વાતાવરણ થઈ જવા પામ્યુ હતુ. જિલ્લાભરમાંથી પોલીસ કાફલો દહેગામમાં ખડકી દેવાયો હતો. માંડ પરિસ્થિતિ કાબુમાં લેવામાં આવી હતી. આ મામલે બંને પક્ષની ફરિયાદો લઈ દહેગામ પોલીસે સામસામે ૮૦ વ્યક્તિના ટોળા સામે ગુનો નોંધી ધરપકડનો દૌર શરૂ કર્યો છે.

દહેગામના પાલૈયા વાસમાં રહેતા લીલાબેન ઠાકોરની ફરિયાદ લઈ દહેગામ પોલીસે ૩૨ રબારી યુવાનોના નામ જોગ તથા અન્ય ૧૦ જેટલા વ્યક્તિઓ મળી કુલ ૪૨ જેટલા આરોપીઓ સામે ફરિયાદ લઈ ગુનો દાખલ કર્યો છે. તેમની ફરિયાદ મુજબ એક્ટીવા પર જઈ રહેલા તેમના દિકરાને ભુરાભાઈ અને નાગજીભાઈ રબારીએ ઉભો રખાવી ગાળાગાળી કરીને કહ્યુ હતુ કે 'સાલા ઠાકરડા તમે અમારા કુટુંબની છોકરી લઈને ભાગી ગયા છે અને તમને દહેગામમાં જીવતા રહેવા દેવાના નથી' તેમ કહી માથાકુટ કરી છેડતી, લુંટ અને મારામારી કરી હોવાની ફરીયાદ નોંધાવી છે. તો બીજી તરફ મનિષભાઈ ગફુરભાઈ રબારીની ફરીયાદ આધારે ૯ યુવાનો સામે નામજોગ મળી કુલ ૪૦ જેટલા શખ્સો સામે ફરીયાદ નોંધી દહેગામ પોલીસે તપાસ શરૂ કરી છે. 'અમારા વિરૂદ્ધમાં દારૂ વેચવા બાબતે કેમ અરજી કરો છો તેમજ મારા છોકરાને કેમ બોલો છો, મર્ડર કરી નાંખીશુ' તેમ કહી પ્રાણઘાતક હથિયારો લઈને આવેલા ટોળાએ માટાકુટ કરી હોવાની મનિષ રબારીની ફરીયાદ આધારે દહેગામ પોલીસે ક્રોસ ફરિયાદ લઈ તપાસ આરંભી છે.

૩૦મી માર્ચે રાષ્ટ્રપતિ ભવનનાં દરબાર હોલમાં પદ્મ સન્માન એનાયત કરવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. રાષ્ટ્રપતિજીએ તેમાં પત્રકારત્વ, સાહિત્ય અને શિક્ષણમાં વિશિષ્ટ પ્રદાન માટે વિષ્ણુ પંડ્યાને પદ્મશ્રી એનાયત કર્યો હતો, બીજી તસવીરમાં કલા સંગીતમાં પુરુષોત્તમ ઉપાધ્યાયને પદ્મશ્રી એનાયત કરાયો હતો.

શહેરમાં વૃક્ષોના ટ્રીમીંગ માટે અભિયાન સોમવારથી પાંચ ટીમો કામે લાગશે

મુખ્ય માર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં સ્થિત વૃક્ષોનુ ટ્રીમીંગ કરાશે જોખમી અને સુકા વૃક્ષો પણ દુર કરાશે

ગાંધીનગર તા ૩૧

શહેરમાં વૃક્ષોની લચી પડેલી ડાળીઓ તેમજ આડશ બનતી મોટા વૃક્ષોની ડાળીઓ દુર કરવા માટે વનતંત્ર દ્વારા ટ્રીમીંગની કામગીરી કરવામાં આવી રહી છે. હાલ ગ માર્ગ પર ટ્રીમીંગનુ કામ શરૂ કરી દેવાયુ છે. જયારે આગામી સોમવારથી શહેરમાં ટ્રીમીંગ માટે વનતંત્રની પ ટીમો કામે લાગશે. ચોમાસા પુર્વે બાકી રહેતા સુકા અને જોખમી વૃક્ષો પણ દુર કરાશે.

શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો આસપાસ વૃક્ષોની વનરાજી છવાયેલી છે. હરિયાળા નગરમાં સેંકડો વૃક્ષો પથરાયેલા છે. મુખ્ય માર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ વૃક્ષોનુ લાંબા સમયથી ટ્રીમીંગ ન થતા રાહદારીઓ માટે પણ અડચણરૂપ સ્થિતિનુ નિર્માણ થયુ છે. સેકટરોની સ્ટ્રીટ લાઈટો આડે પણ વૃક્ષોની નમી પડેલી ડાળીઓ આડશ બની રહી છે. કેટલાક ઠેકાણે તો વૃક્ષોની નમી પડેલી ડાળીઓના લીધે માર્ગ પર અજવાળુ પથરાતુ ન હોવાની ફરિયાદો પણ સ્થાનિક રહીશો રોષનુ કારણ બની છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ વનતંત્ર દ્વારા સમગ્ર શહેરમાં વિવિધ માર્ગો આસપાસ સ્થિત વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં હાલ ગ માર્ગ પર કામ શરૂ કરી દેવાયુ છે. જયારે ટ્રીમીંગની કામગીરી આગામી ચોમાસા પુર્વે પુર્ણ કરી દેવાશે. વરસાદી દિવસો પુર્વે શહેરમાં વૃક્ષોની નડતરરૂપ ડાળીઓ દુર કરવામાં આવશે.આ ઉપરાંત શહેરમાં ઉભા અને સુકા નમી પડેલા જોખમી વૃક્ષો પણ દુર કરાશે આગામી ચોમાસા સુધી ટ્રીમીંગની કામગીરી ચાલુ રહેશે. ચોમાસા દરમિયાન નવા રોપાઓની વાવણી કરવા માટે ખાડા ખોદવાની કામગીરી પણ પુર્ણ કરી દેવામાં આવી છે. શહેરમાં વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી માટે સોમવારથી પ ટીમો કામે લાગી જશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

લો કમિશનના એડવોકેટસ એકટમાં સુધારા કરવાના બીલના વિરોધમાં ગાંધીનગર બાર એસોસિએશન દ્વારા વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. વકીલો આ મામલે કોર્ટ કાર્યવાહીથી અળગા રહી વિરોધ દાખવ્યો હતો. વકીલોએ ઉગ્ર વિરોધની લાગણી સાથે સુત્રોચ્ચાર કર્યા હતા.

મોબાઈલ - બ્રોડબેન્ડ સેવાને અસરકારક બનાવવા નવા ૪૪ ટાવર ઉભા કરાશે

ટેલીકોમ અદાલતમાં શહેર વસાહત મહામંડળે આમ નાગરિકોના પ્રશ્નોની રજુઆત કરી

ગાંધીનગર તા ૩૧

ભારતીય દુર સંચાર નિગમ દ્વારા મોબાઈલ તેમજ ઈન્ટરનેટ સુવિધાને વધુ મજબુત બનાવવા આગામી જુન મહીનામાં નવા ૪૪ ટાવરો ઉભા કરવાનુ કામ હાથ ધરાશે. ટેલીકોમ અદાલત દરમિયાન ડિવિઝન અધ્યક્ષે વધુ વિગતો આપતા જણાંવ્યુ હતુ કે કુડાસણ, ઈન્ફોસિટી પાછળના વિસ્તાર ઉપરાંત સરગાસણ સહીતના વિસ્તારની સોસાયટીઓમાં પણ લેન્ડલાઈન સેવા ઉપલબ્ધ થાય તે દિશામાં કામગીરી હાથ ધરવામાં આવી હોવાનુ તેમણે જણાંવ્યુ હતુ.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચને આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે ગાંધીનગર ટેલીકોમ ડિવિઝનના અધિક્ષક અમિત ઠાકરની ઉપસ્થિતિમાં ટેલીકોમ અદાલતનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં આમ નાગરિકોને સ્પર્શતા પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ દરમિયાન ટેલીકોમ ડિવિઝનના અધિક્ષકે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે મોબાઈલ સેવાને અસરકારક બનાવવા માટે આગામી જુન મહીનામાં ૪૪ જેટલા નવા ટાવરો ઉભા કરવાની કામગીરી શરૂ કરી દેવાશે. જયારે હાલમાં કુડાસણ ,સરગાસણ સહીતના વિસ્તારોની સોસાયટીમાં લેન્ડલાઈન સેવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

આ દરમિયાન શનિ અને રવિવારે બી એસ એન એલની રાત્રિ સેવા દરમિયાન ગ્રાહકોને થતા ફાયદાઓ અંગે પણ સમજણ પુરી પાડવામાં આવી હતી. જયારે ડો જીવરાજ મહેતા ભવન ખાતે તાર ઓફિસ બંધ કરવાના મામલે શહેર વસાહત મહામંડળના કિશોર જીકાદરા, સુધીર દેસાઈ મયુર વ્યાસ સહીતના પ્રતિનિધિઓએ વિરોધ વ્યકત કરી વડી કેચરીના માધ્યમથી ગુજરાત સર્કલના પોસ્ટ માસ્કટર જનરલને રજુઆત કરવાનુ જણાંવ્યુ હતુ. જયારે આ ઠેકાણે બીલના નાંણા ,ફેક્ષ ઈમેઈલ સહીતની જરૂરી સેવા શરૂ કરવા માટે પણ રજુઆત કરવામાં આવી હતી. નવા ટાવરો ઉભા કરવાની યોજનાનુ કામ પુર્ણ થતા મોબાઈલ કનેક્ટીવીટી તેમજ બ્રોડબેન્ડની સેવામાં ઉભા થતા વિક્ષેપો પણ દુર થશે તેમ પણ જણાંવાયુ છે.

દિવ્ય ગુજરાતનું નિર્માણ કરવું છે : રૂપાણી

ગૌ-વંશના જતન સંવર્ધન દ્વારા ગુજરાત આર્થિક સમૃદ્ધિની મિશાલ બનશે : પશુ સંરક્ષણ સુધારા વિધેયકને ઐતિહાસિક ગણાવતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૩૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે, આપણે અહિંસા પરમો ધર્મ અને સત્ય મેવ જયતેના રાહ ઉપર દિવ્ય ગુજરાતના નિર્માણ માટે કૃતનિશ્ચયી છીએ.

મુખ્યમંત્રીએ વિધાનસભા ગૃહમાં રજૂ થયેલા પશુ સંરક્ષણ સુધારા વિધેયકને ઐતિહાસિક ક્ષણ ગણાવતા જણાવ્યું હતું કે ગૌ રક્ષાને વધુ સુદૃઢ બનાવવા સરકારની દૃઢ રાજકીય ઇચ્છાશક્તિથી ઈશ્વરે આ સદ્‌કાર્ય માટે રાજ્ય સરકારને નિમિત્ત બનાવી છે એ સૌનું સૌભાગ્ય છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, આપણે એવા દિવ્ય ગુજરાતનું નિર્માણ કરવું છે જેમાં એવી ચેતના પ્રગટે જે આખરે વ્યક્તિને ઉર્ધ્વગામી બનાવે. મુખ્યમંત્રીએ ધર્મો રક્ષતિ રક્ષિતઃની ભાવનાને મૂર્તિમંત કરવા અનુરોધ કરી જણાવ્યું હતું કે, ધર્મની રક્ષા કરશુ તો ધર્મ આપણી રક્ષા કરશે.

તેમણે ગૌ-વંશના જતન-સંવર્ધનને ધર્મ રક્ષા ગણાવી હતી અને ઉમેર્યું હતું કે, 'જીવથી શિવ, વ્યક્તિથી સમષ્ટિ' સર્વના વિકાસનો આપણો મંત્ર છે. પ્રત્યેક જીવની રક્ષા આપણો સંકલ્પ છે.

ગાય તો કરૂણાનું પ્રતિક છે તેની સુરક્ષા આપણા સૌની જવાબદારી છે એમ જણાવતા મુખ્યમંત્રી રૂપાણીએ કહ્યું કે, ગૌ-વંશના જતન સંપર્ધન દ્વારા ગુજરાત આર્થિક સમૃદ્ધિની મિશાલ બનશે.

તેમણે રાજ્યભરમાં પ્રત્યેક તાલુકામથકે નંદી ઘરના નિર્માણની રાજ્ય સરકારની યોજનાને દોહરાવી હતી અને જણાવ્યું હતું કે, જર્સી-સંકર ગાય નહી પરંતુ ગીર-કાંકરેજી જેવી શ્રેષ્ઠ ઓલાદના ગૌ-વંશના સંવર્ધન દ્વારા ગુજરાત આર્થિક સ્વાવલંબન ક્ષેત્રે નવી ઊંચાઈ હાંસલ કરશે.

ખેડૂત-ખેતી અને ગામડું સમૃદ્ધ તો દેશ સમૃદ્ધ એમ જણાવી મુખ્યમંત્રીએ ગૌ-વંશના જતન-સંવર્ધન દ્વારા ગ્રામ સમૃદ્ધિના સાક્ષાત્કાર માટે ગુજરાત સરકારના પુરૂષાર્થને વર્ણવ્યો હતો.

ગુજરાત રાજ્ય મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલના વિચારપથ પર ચાલનારૂ રાજ્ય છે તેમ જણાવી મુખ્યમંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, મહાત્મા ગાંધીજી સત્ય અને અહિંસાના પૂજારી હતી. તેમના પગલે રાજ્ય સરકારે પણ સત્યની આરાધના સ્વરૂપે એમ.બી. શાહ કમિશનનો રીપોર્ટ વિધાનસભા ગૃહમાં મુક્યો છે, અને સત્ય સૌ સમક્ષ રજૂ કર્યું છે, જ્યારે અહિંસાની આરાધનાના પગલે રાજ્ય સરકારે ગૌ હત્યાને સદંતર નાબૂદ કરવા અને આવી પ્રવૃત્તિ કરનારાને કડકમાં કડક સજા કરાવવા આ પશુ સંરક્ષણ સુધારા વિધેયકને વિધાનસભા ગૃહમાં રજૂ કરાયું છે.

રાજ્યભરના સંતો-મહંતોએ વિધાનસભાની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૩૧

ચૈત્રી નવરાત્રિના પવિત્ર દિવસમાં રાજ્યના વિવિધ પ્રાંતો અને સંપ્રદાયના સાધુ સંતો-મહંતોએ રાજ્યની લોકશાહીના મંદિર એવા ગુજરાત વિધાનસભાની મુલાકાત લીધી હતી. ગુજરાત વિધાનસભાની મુલાકાતે આવેલા સંતો-મહંતોનું ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરા, મુખ્ય દંડક પંકજભાઈ દેસાઈ, ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા અને ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. સંતો-મહંતોના આશિર્વાદ મેળવ્યા હતા.

સંતો-મહંતો દ્વારા વિધાનસભાના ગૃહમાં ચાલતી કાર્ય પદ્ધતિની જાણકારી ગૃહની પ્રેક્ષક ગેલેરીમાં બેસી મેળવી હતી.

સંતો-મહંતોની મુલાકાત દરમિયાન રાજ્યના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, સંસદીય સચિવ વાસણભાઈ આહીર, વિભાવરીબેન દવે, પુનમભાઈ મકવાણા અને જેઠાભાઈ સોલંકીએ પણ ઉપસ્થિત રહીને આશિર્વાદ મેળવ્યા હતા.

રાજ્યમાં સ્થપાશે મેરીટાઈમ યુનિવર્સિટી : ભુપેન્દ્રસિંહ ચુડાસમા

વિધાનસભામાં ગુજરાત ખાનગી યુનિવર્સિટી(દ્વિતીય સુધારા) વિધેયક રજૂ કરતા શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, ગૃહમાં વિધેયકને મળેલી મંજૂરી

ગાંધીનગર, તા. ૩૧

વિવિધ ખાનગી યુનિવર્સિટીઓની સ્થાપના અને આવી યુનિવર્સિટીઓ દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રે વિદ્યાર્થીઓને અભ્યાસની વ્યાપક તકો મળી રહે તેવા હેતુથી રાજ્યમાં અનેક ખાનગી યુનિવર્સિટીઓ સ્થપાઈ છે ત્યારે મેરીટાઈમ ક્ષેત્રે પણ વિદ્યાર્થીઓને વિપુલ તકો મળે તે હેતુથી આજે વિધાનસભા ગૃહમાં શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ સન ૨૦૧૭નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક રજુ કરતા વિધાનસભા ગૃહમાં તે પસાર થયુ હતું. આ વિધેયક પસાર થતા આગામી દિવસોમાં રાજ્યમાં મેરીટાઈમ યુનિવર્સિટીની સ્થાપના થશે.

શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ મેરીટાઈમ યુનિવર્સિટીની સ્થાપનાથી ગુજરાતને થનાર લાભ અંગે વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું કે, મેરીટાઈમ યુનિવર્સિટીની સ્થાપના અને તેના વિકાસથી તમામ પ્રકારના આંતરરાષ્ટ્રીય કક્ષાના ટેકનિકલ, કોમર્શિયલ અભ્યાસક્રમો વિદ્યાર્થીઓને મળી રહેશે. પરિણામે ભવિષ્યમાં મેરીટાઈમ ક્ષેત્રે કુશળ માનવબળ પુરૂ પાડી શકાશે. આ માનવબળ પુરૂ પાડતા રાજ્યનું મેરીટાઈમ ક્ષેત્ર વિકાસની હરળફાળ ભરશે. એટલુ જ નહિ પણ નવી તકોનું નિર્માણ થતા આંતરરાષ્ટ્રીય રોકાણકારો દેશમાં મેરીટાઈમ ક્ષેત્રે મૂડીરોકાણ કરવા આકર્ષાશે. ઉલ્લેખનીય છે કે, મેરીટાઈમ યુનિવર્સિટી ગુજરાત મેરીટાઈમ બોર્ડે યુ.કે. અને કોરીયા દેશની નામાંકિત યુનિવર્સિટીઓ સાથે જે એમ.ઓ.યુ. કરેલા તે એમ.ઓ.યુ. આ યુનિવર્સિટીની સ્થાપના થતા સાકાર થશે.

મેરીટાઈમ યુનિવર્સિટીની જરૂરિયાત સમજાવતા શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે, વિશ્વસ્તરે સંભવિત નોકરીઓનો અભ્યાસ કરતા એવુ તારણ આવ્યું છે કે ૫૧ ટકા જેટલી ટેકનીકલ નોકરીઓ અને ૪૯ ટકા જેટલી કોમર્શિયલ પ્રવૃત્તિઓને લગતી નોકરીઓની તકો ઉપલબ્ધ છે, ત્યારે આપણા દેશમાં ટેકનિકલ અભ્યાસને અનુરૂપ ૬૦ ટકા અને કોમર્શિયલ પ્રવૃત્તિ માટે ૪૦ ટકા નોકરીની તકો ઉપલબ્ધ થશે. ૬૦ ટકા ટેકનિકલ તકની સામે ૯૨ ટકા ટેકનિકલ અભ્યાસક્રમ દેશમાં ચાલી રહ્યા છે ત્યારે ૪૦ ટકા કોમર્શિયલ પ્રવૃત્તિઓને સંભવિત નોકરીઓની સામે માત્ર ૮ ટકા જ અભ્યાસક્રમ જે તે સંસ્થામાં ઉપલબ્ધ છે.

૪૯ બોર્ડ-નિગમોનો ૨૮૫૪.૨૭ કરોડનો નફો : ૧૪ બોર્ડ-નિગમોની ૧૨૨૧.૧૫ કરોડની ખોટ

ગાંધીનગર, તા. ૩૧

રાજ્ય સરકારના ૪૯ બોર્ડ-નિગમોએ રૂ. ૨૮૫૪.૨૭ કરોડનો નફો કર્યો હતો. તો બીજી બાજુ ૧૪ બોર્ડ-નિગમોએ રૂ. ૧,૨૨૧.૧૫ કરોડની ખોટ કરી હોવાની વિગતો કેગના અહેવાલમાં બહાર આવવા પામી છે.

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે રજુ કરવામાં આવેલા કેગના અહેવાલમાં બોર્ડ-નિગમોની ખોટ નફાની બહાર આવેલી વિગતો અનુસાર રાજ્યના જાહેરક્ષેત્રના ૮૬ બોર્ડ-નિગમોમાં રૂ. ૧,૨૯૧૭૮.૮૬ કરોડનું મૂડીરોકાણ હતુ. કુલ મૂડીરોકાણ પૈકી ૯૯.૩૮ ટકા રૂ. ૧,૨૮,૩૭૮.૩૩ કરોડ રાજ્યના જાહેરક્ષેત્રના કાર્યરત ઉપક્રમોમાં હતુ. અને બાકીનું ૦.૬૨ ટકા (રૂ. ૮૦૦.૫૩ કરોડ) રાજ્યના જાહેર ક્ષેત્રના બિન કાર્યરત ઉપક્રમોમાં હતુ.

અહેવાલમાં જણાવ્યાનુસાર વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન તેમના છેલ્લા અપાયેલા હિસાબો મુજબ રાજ્યના જાહેરક્ષેત્રના ૭૨ કાર્યરત ઉપક્રમો પૈકી રાજ્યના જાહેર ક્ષેત્રના ૪૯ બોર્ડ-નિગમો રૂ. ૨૮૫૪.૨૭ કરોડનો નફો કર્યો હતો. નફામાં મોટો ફાળો આપનાર બોર્ડ નિગમોમાં ગુજરાત રાજ્ય પેટ્રોનેટ લિમિટેડનો રૂ. ૬૬૭.૮૬ કરોડ, ગુજરાત ગેસ લિમિટેડ રૂ. ૨૫૨.૨૫ કરોડ, જીએમડીસીનો રૂ. ૩૩૬.૬૩ કરોડ અને ગુજરાત ઊર્જા પ્રવાહન નિગમ લિમિટેડનો રૂ. ૩૦૨.૭૦ કરોડ હતા. જ્યારે ખોટ કરનારા રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ નિગમ લિમિટેડનો રૂ. ૮૭૫ કરોડ ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમનો રૂ. ૧૩૨.૪૫ કરોડ, ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમનો રૂ. ૧૦૪.૯૯ કરોડ અને ગુજરાત વોટર ઈન્ફાસ્ટર્કચર લિમિટેડના રૂ. ૯૧.૩૭ કરોડનો સમાવેશ થાય છે.

૬૦ ટકા પગાર વધારા બદલ અધ્યાપક સહાયક મંડળે મુખ્યમંત્રીનો આભાર વ્યકત કર્યો

અધ્યાપક સહાયક મંડળ દ્વારા અધ્યાપક સહાયકોની મુખ્ય માંગણીઓ જેવી કે ફાજલ રક્ષણ, સેવાની શરતોમાં સુધારો, ફિકસ પગારમાં કરેલી સેવાને કાયમ નોકરી સાથે સળંગ ગણવી અને ફિકસ પગારમાં વધારો કરવો જેવી માંગણીઓ પૈકી પગાર વધારાની માંગણી સરકારે સ્વીકારી ૭૬૦ અધ્યાપક સહાયકોને હાલ રૂ. ૨૫ હજાર માસિક વેતન મળતું હતું તેમાં ૬૦ ટકા વધારો કરતા હવેથી રૂ. ૪૦૧૭૬ કરવામાં આવેલ છે જેથી રાજયની અનુદાનીત કોલેજના અધ્યાપક સહાયક મંડળના સભ્યો દ્વારા મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીને મળીને બુકે આપી આભાર વ્યકત કર્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં અધ્યાપક સહાયક મંડળના હોદ્દેદારો હાજર રહ્યા હતા.

ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ

(ગુજરાત સરકારનું સાહસ)

રજી. કચેરી : બીજ ભવન, સેક્ટર નં.૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

ટેલીફોન : વહીવટ વિભાગ : ૨૩૨૫૬૭૧૭

ફેક્સ નંબર : ૨૩૨૫૬૭૧૮ Gram : SEEDS

CIN NO. U65410GJ1975SGC002693

કુરીયર મારફત નિગમની ટપાલો મોકલવાની કામગીરી

આ નિગમને સ્થાનિક કક્ષાએ રાજ્યના જુદા જુદા જીલ્લાઓ તાલુકાઓમાં તેમજ રાજ્યની બહારના સ્થળોએ આંગડીયા / કુરીયર મારફત ટપાલો મોકલવાની થતી હોઈ આવા પ્રકારની કામગીરી કરતી તથા પાનકાર્ડ નંબર ધરાવતી પાર્ટીઓ પાસેથી નિગમ દ્વારા નક્કી કરેલ શરતો સાથેના આ કામગીરી માટે કોરા ટેન્ડર ફોર્મ નિગમની વડી કચેરી ગાંધીનગર ખાતેથી કચેરીના કામકાજના ચાલુ દિવસોએ સવારના ૧૧.૦૦ થી ૧૬.૦૦ કલાક દરમિયાન ટેન્ડર દીઠ રૂ. ૫૦૦/- ભરી (પરત નહીં મળવાપાત્ર) તા. ૧૯/૪/૨૦૧૭ સુધીમાં મેળવી લેવાના રહેશે. ભરેલ ટેન્ડર સીલબંધ કવરમાં તા. ૨૦/૪/૨૦૧૭ના સાંજના ૧૬.૦૦ કલાક સુધી ઉપરોક્ત સરનામે ટપાલ / કુરીયર કે રૂબરૂમાં મોકલી આપવાના રહેશે. સદર ટેન્ડર તા. ૨૧/૪/૨૦૧૭ના રોજ ખોલવામાં આવશે.

મેનેજીંગ ડીરેક્ટર

ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ

બ્લોક નં. ૭/૨, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

જાહેર નિવિદા

કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પુરી પાડવા અંગે

ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગરની કચેરી માટે વિવિધ પ્રકારની કામગીરીની સેવાઓ પુરી પાડવા માટે કોરા ટેન્ડર ફોર્મ આ બોર્ડની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૭, બીજો માળ, ગાંધીનગર ખાતેથી રૂ. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર)ની કિંમતનો ડિમાન્ડ ડ્રાફ્ટ 'સભ્ય સચિવ સહ સંયુક્ત પશુપાલન નિયામક, ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગર'ના નામનો રજૂ કરવાથી અથવા રોકડા ભરવાથી તા. ૭/૪/૨૦૧૭ સુધીમાં ઉપરોક્ત સરનામેથી કચેરીના કામકાજના સમય દરમિયાન મળી શકશે. ભરેલા ટેન્ડર ફોર્મ જરૂરી અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈસ્ઢ)ની રકમ સાથે તા. ૧૭/૪/૨૦૧૭ના સાંજને ૬.૧૦ વાગ્યા સુધીમાં ઉપરોક્ત સરનામે આર.પી.એ.ડી.થી મળી જાય તે રીતે સીલબંધ કવરમાં મોકલી આપવાના રહેશે. આ અંગેની અન્ય વિગતો કે માહિતી બોર્ડની કચેરી ગાંધીનગર ખાતેથી મહેકમ શાખામાંથી ઉપલબ્ધ થશે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૨૭/૩/૨૦૧૭

સહી/-
સભ્ય સચિવ સહ
સંયુક્ત પશુપાલન નિયામક
ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ,
ગાંધીનગર